# પ્રકરણ:૯ 'યાજ્ઞસેની'

# ઊડિયા નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણ:૯ 'યાજ્ઞસેની' – ઊડિયા નવલકથામાં નારી છબીનો અભ્યાસ

ઉડીસાના મધ્યમવર્ગીય કુટુંબમાં જન્મેલ લેખિકા પ્રતિભા રાયની નવલકથા 'યાજ્ઞસેની' સૌપ્રથમ વાર ઈ.સ.૧૯૮૪ માં પ્રકાશિત થઈ. જેને જ્ઞાનપીઠનો 'મૂર્તિદેવી પુરસ્કાર' ઈ.સ. ૧૯૯૧માં પ્રાપ્ત થયો. તેઓએ ૧૮ નવલકથા, ૧૦ વાર્તાસંગ્રહો આપ્યા ઉપરાંત અનુવાદ ક્ષેત્રે પણ કાર્ય કર્યું છે.

પ્રતિભા રાય કૃત 'યાજ્ઞસેની' નો ગુજરાતી અનુવાદ 'દ્રૌપદી' શીર્ષક હેઠળ ઈ.સ. ૧૯૯૫માં પ્રકાશિત થયો. તેનો અનુવાદ જયા મહેતાએ કર્યો છે. આ નવલકથાનું કથાનક પૌરાણિક સમયના મહાભારતમાથી જ લેવાયું છે. નવલકથાને લાભકર્તા એવાં પાસાઓ માટે પાત્રોના ઉદ્દાતીકરણ કરતાં કેટલાંક પરિવર્તનો પણ જોવા મળે છે. મહાભારતની દ્રૌપદીને આધુનિક પરિપ્રેક્ષ્ય દ્વારા પાત્રની ગરિમા જાળવીને કઈ રીતે છબી દર્શાવાઈ છે તેની સમીક્ષા આ પ્રકરણમાં છે. આ ઉપરાંત, કુંતી, ગાંધારી, સુભદ્રા જેવા અન્ય ગૌણ પાત્રોની સમીક્ષા પણ અત્રે પ્રકરણમાં રજૂ કરાઇ છે.

## ૯.૧ કથાવસ્તુ:

નવલકથાની શરૂઆત મહાપ્રસ્થાન સમયે મેરુગિરિ પરથી, જીવનના અંતિમ સમયે દ્રૌપદી દ્વારા સખા શ્રીકૃષ્ણને લખાયેલ પત્રથી થાય છે. પત્રરૂપે દર્શાવાયેલ દ્રૌપદીના જીવનના મહત્ત્વનાં પ્રસંગો દ્વારા તેનું વ્યક્તિત્વ અને કથની દર્શાવવામાં આવી છે. યજ્ઞવેદીમાંથી યજ્ઞના ફળરૂપે જન્મેલી દ્રૌપદી યુવાન વયે જ જન્મે છે. તેથી તેનું બાળપણ નથી. પિતા દ્રુપદરાજાએ બદલો લેવા માટે પુત્રજન્મનો યજ્ઞ કરાવ્યો તેમાંથી પુત્ર ધૃષ્ટદ્યુમ્ન અને પુત્રી યાજ્ઞસેનીનો જન્મ થાય છે. આમ, તેનો જન્મ જ ધર્મની રક્ષા અને શત્રુઓનો નાશ માટેના ઉદ્દેશ્યથી થયો છે. તે શરૂઆતથી જ સખા શ્રીકૃષ્ણ પ્રત્યે અનુરક્ત છે.

પરમસખા શ્રીકૃષ્ણના મિત્ર અર્જુન સાથે લગ્નની ઈચ્છા ધરાવનાર તેનું પાંચેય પાંડવ સાથે મા કુંતીના વચન મિથ્યા ન જાય તે માટે લગ્ન થાય છે. કૌરવો તરફથી ખાંડવપ્રસ્થ ભાગમાં અપાતાં શ્રીકૃષ્ણના સાથને કારણે તે ઈન્દ્રપ્રસ્થ બને છે અને ગરીબ પાંચ ભાઈઓ સાથે પરણેલી દ્રૌપદી ઈન્દ્રપ્રસ્થની રાણી બને છે. તેમ છતાં પાંચ ભાઈઓ સાથેના સંસારની કાળજી લેવામાં દ્રૌપદીનું જીવન અન્ય સામાન્ય સ્ત્રી કરતાં જુદું રૂપ લે છે.

ઈન્દ્રપ્રસ્થમાં મહાયજ્ઞ બાદ દ્યુતક્રીડામાં હારેલ યુધિષ્ઠિર રાજપાટ, સંપત્તિ, ભાઈઓ અને અંતે પાંચાલીને હારી જાય છે. ત્યાં સૌથી ઐતિહાસિક રીતે વિલક્ષણ એવી જ્ઞાનીપુરુષોની ઉપસ્થિતિમાં ચીરહરણની ઘટના બને છે. ત્યારબાદ વનવાસ, ગુપ્તવાસ અને ધર્મયુદ્ધ બાદ પુત્રો ગુમાવનાર દ્રૌપદી પાંચેય ભાઈઓ સાથે મહાપ્રસ્થાન માટે નીકળે છે. આ સર્વ ઘટનાઓને કથાવસ્તુમાં આવરી લેવાઈ છે.

આ ઘટનાઓમાં સતત દ્વિધા અને મુશ્કેલીનો ભોગ બનેલી દ્રૌપદીનું આર્દ્ર તેમજ રૌદ્ર દ્વારૂપ આ નવલકથામાં રજૂ કરાયું છે. અસત્ય અને અધર્મનો વિરોધ તેના પાત્રની મુખ્ય વિશેષતા છે. જેનો અભ્યાસ આ પ્રકરણમાં છે.

## ૯.૨ 'યાજ્ઞસેની'-ઉડિયા નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસ:

### ૯.૨.૧ દ્રૌપદી:

દ્રૌપદીનું પાત્ર પૌરાણિક હોવા છતાં ભારતીય સમાજમાં તેના વિલક્ષણ પાત્રની અસર ખૂબ મોટા પ્રમાણમાં છે. જેના કારણે પ્રતિભા રાય કૃત 'યાજ્ઞસેની'ની દ્રૌપદીની નારી છબી અભ્યાસમાં સાર્થક નીવડે છે.

દ્રૌપદીનું મુખ્ય પાત્ર એ અન્ય નારીના જીવન કરતાં ભિન્ન છે તેને રજૂ કરતી ઘટનાઓ આ પ્રમાણે છેઃ દ્રૌપદીનો જન્મ જ જુદા પ્રકારે થયો છે. પિતા દ્રુપદને દ્રૌણનો બદલો લેવા માટે પુત્રપ્રાપ્તિ માટે ઉપયાજ અને યાજઋષિ પાસે યજ્ઞ કરાવ્યો. તે યજ્ઞવેદીમાંથી ધૃષ્ટદ્યુમ્ન અને યાજ્ઞસેનીનો જન્મ થયો. યજ્ઞવેદી મા અને યાજ્ઞસેન પિતા હોવાના કારણે તેનું નામ યાજ્ઞસેની! યુવતીરૂપે જ જન્મેલી યાજ્ઞસેનીના પાલક પિતા દ્રુપદ રાજાને કારણે તેને દ્રૌપદી તરીકે પણ ઓળખવામાં આવે છે. જન્મ સમયે જ આકાશવાણી તેના જન્મનો હેતુ દર્શાવે છેઃ "આ કન્યા તમારા અપમાનનો બદલો લેવા જન્મી છે. પ્રતિજ્ઞા પૂરી કરવા માટે આવિર્ભાવ પામી છે. એનાથી પૃષ્ઠ્વી પર ધર્મની રક્ષા થશે. ક્ષત્રિયોનો નાશ થશે, એ કૌરવનાશિની થશે." (પૃષ્ઠઃ૫) ઉદ્દેશ્ય નક્કી જ છે તેથી જીવન પણ સ્વતંત્ર નથી, હેતુલક્ષી છે.

યતિમતિ હરનાર સૌંદર્ય ધરાવનાર શ્યામાને 'કૃષ્ણા' તરીકે પણ સંબોધાય છે. પરમસખા શ્રી કૃષ્ણના ચરણ માત્રના દર્શનથી તે તેનું જીવન કૃષ્ણને સમર્પિત કરી દે છે. તેમ છતાં કૃષ્ણ દ્વારા જ દ્રુપદ રાજાને સમજાવવાથી વચલા પાંડવ અર્જુનને પાણિગ્રહણ માટે યોગ્ય ગણાય છે. તેથી તેના મનમાં શરૂઆતથી જ પ્રશ્ન ઉદ્‌ભવે છેઃ "પણ હું? જે ફૂલમાળા કૃષ્ણના ગાળામાં પહેરાવવા માટે સવારથી ગૂંથતી હતી, એ અર્જુનના ગાળામાં પહેરાવવી પડશે. એ પણ કૃષ્ણની ઈચ્છાથી! (પૃષ્ઠઃ૧૬)

"મારી પોતાની કોઈ ઈચ્છા નહીં? કોઈ કામના નહીં? આકાંક્ષા નહીં? કારણકે હું યજ્ઞહોમમાંથી જન્મેલી યાજ્ઞસેની છું! મારો જન્મ, જીવન અને મરણ કોઈક બીજાના આદેશથી સંચાલિત છે. હું શા માટે આવી છું, શા માટે જીવીશ? શા માટે મરીશ? શો હેતુ છે, હું કાંઈ નથી જાણતી. અજ્ઞાન જ મારો આધાર છે." (પૃષ્ઠઃ૧૬)

અર્જુનને પરણવા માટે અધીર થતી તેને લાક્ષાગૃહમાં પાંડવો બળી મર્યાનો સંદેશ મળે છે જેથી તે વ્યથિત બને છે. સ્વયંવર સમયે દ્રૌપદીના પરિચય માટે ઉપયોગમાં લેવાયેલ વિશેષણો દ્વારા

પણ ભારતીય સુલક્ષણા છબીનો પરિચય મળે છે. સર્વગુણ સંપન્ન, ઓછાબોલાં, વિદ્યાવતી, વિચારશીલ, શાસ્ત્રજ્ઞ, સંગીત નિપુણ, બુદ્ધિમતી, દિવ્ય દર્શિની, જેવાં વિશેષણો દ્વારા તેનો પરિચય અપાયો છે.

લક્ષ્યવેધ માટે રાધાપુત્ર કર્ણ ઊભો થતાં દ્રૌપદીના મુખે નહીં પણ ભાઈ ધૃષ્ટદ્યુમ્નનાં મુખે અપમાનજનક વચનો લેખિકાએ બોલાવ્યાં છે. મહાભારત કરતાં જુદું એવું એક પરીવર્તન અહીં જણાય છે. ધૃષ્ટદ્યુમ્ન બોલે છેઃ "સારથિ અધિરથ અને રાધનો પુત્ર કર્ણ ગમે તેટલો શૂરવીર હોય, મારી બહેન સાથે એનાં લગ્ન નહીં થઈ શકે." (પૃષ્ઠઃ૨૮) અવૈધ સંતાનની જેને ઓળખ મળી છે એવાં કર્ણના ભેદભાવ (Discrimination) માટે જોઈએ તો દ્રૌપદીના પાત્રમાં આધુનિક પરિપ્રેક્ષ્ય જણાય છે. પ્રતિભા રાયની દ્રૌપદી તો મનમાં કર્ણને માફી માગે છે અને ગ્લાનિ(Guilt) ને પાત્ર બને છે. "પણ જન્મમૃત્યુ જો વિધાતા નક્કી કરે છે, તો પછી એ માટે કોઈ વ્યક્તિ કલંકિત કેમ કહેવાય?" (પૃષ્ઠઃ૨૯) "જન્મ નહીં, કર્મ અને સાધના જ મનુષ્યના વ્યક્તિત્વનું ઘડતર કરે છે." (પૃષ્ઠઃ૩૦) તેથી આ દ્રૌપદીના પાત્રને ડો. ઊર્વશી મનુપ્રસાદ પંડ્યા દ્વારા 'ગાયનોસેંટ્રીક' (Gynocentric) અભિગમથી પણ તપાસવામાં આવ્યું છે.

અર્જુન જે બ્રાહ્મણવેશે સ્વયંવર સમયે સભામંડપમાં પ્રવેશે છે અને ભાવિપત્ની કૃષ્ણાને નમસ્કાર કરે છે, ત્યારે કટાક્ષ થતાં કૃષ્ણ પણ બોલે છેઃ "કોઈ પણ નારી, ઊંમર-જાતિ-ધર્મ-દેશથી ઉપર છે, પુરુષ દ્વારા વંદનીય છે, કારણકે નારી શક્તિઅંશ જન્મી છે. શક્તિ પૂજન વગર વીરનો પરિચય અશક્ય છે."(પૃષ્ઠઃ૩૧) આમ, પ્રતિભા રાયે પાત્રોની ગરિમા જાળવીને આધુનિક વિચારોને પાત્રોના મુખે સંવાદમાં પ્રયોજયાં છે.

લક્ષ્યવેધ થતાં અર્જુન સાથે વરેલી પાંડવો સાથે એકચક્રા નગરી તરફ જતી દ્રૌપદીમાં સામાન્ય સ્ત્રીની જેમ પરિસ્થિતિજન્ય વિચારો સ્ફૂરે છેઃ "કદાચ પતિની ગરીબાઈ જરા કઠતી હતી, પણ એને મનની મોટાઈ માનીને મનને બોધ આપતી હતી."(પૃષ્ઠઃ૩૪) પાંડવોના ઘરે પહોંચતા પણ

તેને દુઃખ થાય છેઃ "અચાનક મન વિષાદથી ભરાઈ ગયું-હાય! સજાવ્યા વગરની એક જીર્ણ કુટિર! અમારો ઘોડો કે કૂતરો પણ નહીં રહી શકે ત્યાં ! મારા પતિ વીર છે, એમાં શંકા નથી. પણ એ આવી દીન દરિદ્રતામાં જીવન વિતાવી રહ્યા છે. કલ્પના પણ કરી શકતી નથી."(પૃષ્ઠઃ૩૭) અલબત્ત તે સમય સુધી દ્રૌપદીને જ્ઞાત નથી કે પાંચ ભાઈઓ એ પાંચ પાંડવો જ છે.

"બેટાં જે લાવ્યા છો એ પાંચે ભાઈઓ સરખે ભાગે વહેંચી લો!"(પૃષ્ઠઃ૩૮) આ વિધાન દ્રૌપદીના પાત્રને અન્ય સમસ્યામાં ધકેલે છે. આ વિધાનને માથે ચડાવનાર પુત્ર યુધિષ્ઠિર તો 'ધર્મરાજા' તરીકે પ્રતિષ્ઠિત થાય છે, જ્યારે દ્રૌપદી હાસ્યાસ્પદ પરિસ્થિતિનો ભોગ બની ક્રોધ આવ્યા છતાં પરિસ્થિતિ સ્વીકારવા માટે મજબૂર બને છે. તે વિચારે છેઃ "એક સ્ત્રી પાંચ પુરુષોની પત્ની બનીને રહે એ હાસ્યાસ્પદ છે. મારી સિવાય આવું બીજું કોઈ દૃષ્ટાંત પણ પૃથ્વી પર નહીં હોય. આવા અસન્માનને શા માટે ચૂપચાપ સ્વીકારી લઉં? હું શું નિર્જીવ પ્રતિમા છું? મારા સૌંદર્ય પ્રત્યે કામાતુર, વિચાર-બુદ્ધિ રહિત આ ભાઈઓ મારી પર પોતાની ઈચ્છા અનુસારનો અધિકાર સિદ્ધ કરશે અને હું એ સ્વીકારી લઈશ?" (પૃષ્ઠઃ૩૮) ત્યાં મહર્ષિ વ્યાસ ઉપસ્થિત થઈને ધર્મરક્ષા અને પાંચ ભાઇઓની એકતાના માટે આ વચન બોલાયું છે તેમ સમજાવે છે. કુંતીનું પોતાનું ચરિત્ર પુત્રવધૂ સામે લજ્જિત ન થાય તે કારણે આ વિધાન કહ્યું હોય તેવી સંભાવના પણ તેના મનમાં જાગે છે. યુધિષ્ઠિર પણ તેને સમજાવે છે. જટિલા નામની સ્ત્રી પુરાણમાં ધર્મને માટે સાત પતિને વરી હતી તેનું ઉદાહરણ આપીને કહે છે કેઃ "ધર્મરક્ષા કરવા માટે બહુપતિગ્રહણ એ પાપ નથી." (પૃષ્ઠઃ૪૫) આમ, તે સમયે પણ પુરુષસત્તાક તંત્ર અને તેમાં ધર્મને નામે આપવાદને યોગ્ય સાબિત કરવાની પુરુષોની આવડતના પણ દર્શન આ કૃતિમાં થાય છે.

દ્રૌપદીને પાંચેય ભાઇઓના સ્વભાવને સમજીને વર્તન કરવું પડે છે. યુધિષ્ઠિર માટે દ્યુતક્રીડા મહત્વની છે. તો ભીમ માટે ભૂખ અને ભોજન. ભીમ કહે છેઃ "હું જાણું છું કે તમે અત્યંત ચારુશીલ, વિદુષી, ધૈર્યવંતી છો! સ્ત્રીઓએ આવા હોવું જોઈએ. સ્ત્રી જો સર્વ સહન કરનારી ન હોય તો કુટુંબનું બંધન શિથિલ થઈ જાય છે. મારો ક્રોધ સહન નહીં કરો તો તમારી જ ભૂલ થશે, કારણકે તમારી

પાસેથી જઈને હું મારી અસુર પત્ની હિડિંબા પાસે રહીશ."(પૃષ્ઠઃ૫૦) "સ્ત્રીઓ વિદુષી હોય તેથી શું થવાનું? સુંદર હોય. બસ. સારી રસોઈ બનાવતી હોય, સેવા કરે, સાથે હસે, વાતો કરે, ગીત ગાય, હું જે કહું તે તરત જ કરે. સમજ્યાં? નહીં તો ચાલ્યો હિડિંબા પાસે." (પૃષ્ઠઃ૫૧) આ વિધાનોમાં પુરુષપ્રધાનતાનો સૂર જણાય છે તેમજ પત્ની પાસેથી ભારતીય સમાજને અપેક્ષિત વર્તનને પણ દર્શાવવામાં આવ્યું છે. દ્રૌપદી વિદુષી હોવાથી જ આધુનિક નારીને માનસમાં ઉદ્ભવતા-પજવતાં પ્રશ્નો તે સમયે પણ જોવા મળે છે. ધર્મને નામે તે સર્વસ્વ સ્વીકારવા તૈયાર નથી. તે પ્રશ્નો કરે છે, પડકારે છે! "બીજી જ ક્ષણે નવવધૂ કૃષ્ણાની અંદર યજ્ઞના અગ્નિમાંથી જન્મેલી યાજ્ઞસેની વિદ્રોહ કરી ઉઠી. દેવલોકના નિયમની વિરુદ્ધ વિદ્રોહ કરવા ઊભી થઈ ગઈ. દેવલોકના નિયમ પ્રમાણે એક પુરુષ ગમે તેટલી સ્ત્રીઓને વરી શકે છે, પણ એક સ્ત્રી એકથી વધારે પતિને વરે તો પાપિણી કહેવાય. આ નિયમ કોણે કર્યો? કોઈ દિવ્ય પુરુષે જ ને? નહીં તો પુરુષ-સ્ત્રી વચ્ચે પાપ-પુણ્યમાં આવો ભેદ કેમ?"(પૃષ્ઠઃ૬૧) નકુલને અશ્વો પ્રિય છે. બાળસહજ આત્મકેન્દ્રિતા તેનામાં છે. દ્રૌપદી તેની જોડે મુક્ત મને વાત કરી શકે છે.

પુરાણોમાંથી પણ મહામુનિ પરાશર-મત્સ્યગંધા, તારા, મંદોદરી, ઊર્મિલા, સીતા, સત્યવતી, કાશીરાજની ત્રણ કન્યાઓમાંથી અંબા જે પુનર્જન્મ લઈ શિખંડી બને છે – વગેરે પાત્રોનાં ઉદાહરણ દ્વારા દેવીરૂપે પૂજાનાર નારીની પરીક્ષા અને પરિસ્થિતિના સ્વીકાર પર પ્રશ્નો કરનાર દ્રૌપદી પણ બેવડાં નીતિ સ્તરોને કારણે પીડા અનુભવે છે. વ્યાકુળ થયેલ દ્રૌપદી માટે એક યોજના, રચાય છે જેથી તે પાંચેય ભાઈઓને પતિ તરીકેનું સુખ આપી શકે – એક વર્ષ એકની પત્ની અને અન્ય કોઈ પાંડવ ત્યાં પ્રવેશે તો બાર વર્ષનું બ્રહ્મચર્ય.

ખાંડવપ્રસ્થ ભાગમાં અપાતાં આગમન સમયે દ્રૌપદી કર્ણ પ્રત્યે પણ આકર્ષણ અને સહાનુભૂતિ અનુભવે છે. દ્રૌપદીની સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંવેદન ઝીલતી 'માયા' આ નવલકથાનું રસપ્રદ પાત્ર છે. જે મૂળ મહાભારતનું પાત્ર નથી. અર્જુન જાણી જોઈને નિયમભંગ કરીને બાર વર્ષનો વનવાસ અને બ્રહ્મચર્ય સ્વીકારે છે. તેમ છતાં, તે નાગલોકની કન્યા ઉલૂપી, કલિંગની રાજકન્યા

આર્યા અને મણિપુરના રાજાની કન્યા ચિત્રાંગદા સાથે લગ્ન કરે છે. ઈર્ષ્યા અને છળનો અનુભવ કરતી દ્રૌપદીને સમજાવવામાં આવે છે કે ફાલ્ગુની અર્જુન દ્વારા થયેલાં આ લગ્નો તો યુદ્ધની પૂર્વ તૈયારી છે. જેથી તે સર્વ રાજ્યોનો યુદ્ધમાં સાથ મળે. ત્યાં સુધી કે કૃષ્ણ પોતાની બહેન સુભદ્રાનો વિવાહ પણ અર્જુન સાથે કરાવે છે. જેથી સુભદ્રા સંસાર સંભાળે અને દ્રૌપદી રાજ કારભારમાં સાથ આપે. ખૂબ જ યોજનાપૂર્વક થયેલ આ બધી ઘટનાઓ પુરુષ પાત્રો માટે સાહજિક છે જ્યારે દ્રૌપદી માટે તે અસહ્ય ઘટનાઓ છે જેને Sugar Coated સ્વરૂપે ગળે ઉતારવામાં આવી છે. બાર વર્ષના બ્રહ્મચર્યમાં ચાર સ્ત્રીઓ સાથે લગ્ન અને ત્રણ સંતાન કર્યા બાદ પણ કૃષ્ણ દ્રૌપદીની ઈર્ષ્યાને નબળાઈ ગણાવે છે. પૌરાણિક સમયથી જ નારીની સહનશીલતા, ધૈર્ય અને સમજને કેવી રીતે તંત્રના ચોકઠામાં બેસાડવામાં આવી છે તેના ઉદાહરણ દ્રૌપદીના પાત્રના વિચારો અને સંવાદોમાં લેખિકાએ સુંદર રીતે પ્રયોજ્યા છે.

ઋતુમતી દ્રૌપદીને અશ્પૃશ્યા તરીકેનું વર્તન મળે છે – હસ્તિનાપુર એકાંત, પતિનું મુખ દર્શન નિષેધ, અન્ય પુરુષની છાયા પડવી પાપ, કેશભૂષા-પ્રસાધનની મનાઈ, એકવસ્ત્ર સિવાય બીજા વસ્ત્રોની મનાઈ. આ પ્રતિબંધો છતાં મહારાજા યુધિષ્ઠિર દ્યુતમાં સ્થાવર-જંગમ મિલકત, દાસદાસી, ભાઈ-બંધુ અને આત્મા દાવ પર મૂકીને હારી જતાં દ્રૌપદીને દાવ પર લગાડીને હારી જાય છે. તેમ છતાં રજસ્વલા દ્રૌપદીને દુઃશાસન ખેંચી લઈ જાય છેઃ "જંગલી પાડો કોઈ નમી પડેલી વેલને ધસડીને લઈ જાય એમ દુઃશાસન મને સભાભવન સુધી લઈ ગયો." (પૃષ્ઠઃ૧૫૫) 'ખરીદેલી દાસી' જેવા શબ્દો બોલાતાં તે ગુરૂજનો અને વિદ્વાનો પાસે આ દુષ્કાર્ય માટે અને પોતાના અસ્તિત્વના હકને લાગતાં પ્રશ્નો કરે છે. શકુનીના મુખે બોલાયેલાં શબ્દો તે સમયના કુંઠીત પુરુષસત્તાક માણસનું પ્રતિનિધિત્વ કરે છેઃ "વિદુષી બનવાનો પ્રયત્ન કરવો નારીનો સૌથી મોટો ગુનો છે. વિદ્યાવતી અને જ્ઞાનવતી હોવાને કારણે એની આ દશા થઈ છે! એ જો આપણાં ચરણોમાં પડીને ભીખ માગે, તો કદાચ આટલા મોટા અપમાનથી બચી જાય. જ્ઞાન અને શક્તિ જેમ પુરુષનું સૌંદર્ય વધારે છે, તેમ અજ્ઞાન અને અસહાયતા નારીની શોભા વધારી દે છે. પણ દ્રૌપદી જ્ઞાન અને વિદ્યાના અહંકારમાં

બળવાન થઈને બળતી અગ્નિશિખાની જેમ લપકી રહી છે. એની પર કોણ દયા કરે?" (પૃષ્ઠઃ૧૫૬) આધુનિક સમયમાં વિદ્યાપ્રિય સ્ત્રીઓ માટે આવાં વિધાનો બોલાય છે તે સમસ્યા માટે પણ આ નવલકથાના પાત્રોના સંવાદો લાગુ પડે છે. ચીરહરણ થઈ પતિઓ સામે નિર્વસ્ત્ર કરાયેલ દ્રૌપદી લાજ, સંકોચ અને માન-સન્માન કૃષ્ણને સમર્પિત કરે છે. આર્દ્ર હૃદય ધરાવનાર દ્રૌપદી નારકીય કાંડ બાદ દુઃશાસનના છાતીના લોહીથી વાળ ધોવાની પ્રતિજ્ઞા લે છે. આમ, દ્યુત, મૃગયા કે સૂરાપાન જેવી આદતોથી તે સમયના પુરુષ પાત્રોના મનમાં ઉપજેલ દુષ્ટતાનો ભોગ વિદ્વાનોની ઉપસ્થિતિમાં ભરસભામાં એક સ્ત્રી બને છે. દ્રૌપદીની છબી ભારતભરની સ્ત્રીઓના મનમાં એક વિશિષ્ટ છાપ ઊભી કરી દે છે, તે પાછળનાં તેના જીવનસંઘર્ષો અને વ્યથાને પ્રતિભા રાયે આ નવલકથામાં ચિત્રિત કર્યા છે.

અહીં, દ્રૌપદી રામાયણની સીતાની જેમ અન્યાય થતાં ધરતીમાં સમાઈ જવામાં નથી માનતી, દ્રૌપદીને તો પાપીઓને સજા અપાવવી છે. પતિઓ અન્યાય કરે તો તેમનો પણ વિરોધ કરવો છે જેથી ભવિષ્યમાં આવું દુષ્કાર્ય કરવાની ચેષ્ટા બીજું કોઈ ન કરી શકે.

દ્યૂતક્રીડામાં હારી જઇ પાંડવો સહિત દ્રૌપદીને બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાત વાસ ભોગવવો પડે છે. અહીં કામ્યકવનમાં કિર્મીક, કિરાત, વિરાત, પાંડવો અને શબરો જુદી જુદી જાતિના લોકો એકતાથી રહે છે. પુત્રોને સુભદ્રા પાસે મૂકી આવેલ દ્રૌપદી વિરાતના પુત્રો જંબુ અને કંબુને માતૃપ્રેમ આપે છે. દ્રૌપદીના હૃદયની વત્સલતા અહીં જોવા મળે છે. અર્જુન સાધના માટે હિમાલય જતાં તેને નારી સહજ સંશય પણ થાય છેઃ "સાંભળ્યુ છે કે દેવતાઓ પાસેથી વરદાન મેળવવા સ્વર્ગ સુધી જવું પડશે. ત્યાં રંભા, ઊર્વશી, મેનકા વગેરે અનંત-યૌવના રૂપવતી અપ્સરાઓ છે. જોજો, ગયા વખત જેવું બ્રહ્મચર્ય નહીં પાળતા!" (પૃષ્ઠઃ૧૮૭) દ્રૌપદીના આત્યંતિક પ્રકૃતિ ધ્રુવો વિષે યુધિષ્ઠિર પણ તુમુલકાંડ દરમિયાન કહે છેઃ "લાગતું હતું કે રાજનંદિની દ્રૌપદીનું જ્વાળામય વ્યક્તિત્વ ફક્ત ક્રોધ, અહંકાર, પ્રતિહિંસા, વેરભાવથી જ ભર્યું છે, પણ હવે સમજ્યો, એમનામાં

કેટલા માનવીય, અતિમાનવીય ભાવભાવના છે! દયા, ક્ષમા, કરુણા અને પ્રેમની મંદાકિની એમનામાં સૂક્ષ્મતાથી અંતઃ સલિલા છે." (પૃષ્ઠઃ૧૯૭)

અર્જુનને ન મારે ત્યાં સુધી મદ્ય, માંસ અને મૈથુનથી દૂર રહેવાની પ્રતિજ્ઞા કરતા કર્ણની સામે અર્જુન પણ દ્રૌપદીથી દૂર રહેવાની પ્રતિજ્ઞા કરે છે ત્યારે દ્રૌપદીને પ્રશ્ન ઉદ્ભવે છે કે પુરુષને પોતાની ચરિત્રિક દઢતા પર અવિશ્વાસ હોય છે કે નારીની મનોહારી શક્તિનો ભય? જો નારીની મનોહારી શક્તિનો જ ભય હોય તો આર્યાવર્તના શ્રેષ્ઠ પુરુષ શ્રીકૃષ્ણનાં સિદ્ધિ માર્ગમાં નારીને દૂર રખ્યાનો કોઈ દાખલો કેમ નથી? તેનો આ પ્રશ્ન જ પુરુષ વાસનાનો પરચો આપી દે છે. વનમાં દુર્યોધનની બહેન દુઃશીલાનો પતિ જયરથ પણ દ્રૌપદી પર નજર બગાડે છે. ત્યારે દ્રૌપદી કહે છેઃ "નારીની જેમ પુરુષને માટે પણ જો પરસ્ત્રીની કામના અક્ષમ્ય અપરાધ અને શરમજનક હોત તો સંસારમાં આટલાં પાપ, આટલાં વ્યભિચાર ન થાત, સતી સીતાનું જીવન પણ દુઃખમય ન થાત. રાવણવધને લંકાના નાશ પછી પૃથ્વી પરથી નારી પર બળાત્કાર અને પાશવી અત્યાચાર બંધ થઈ જાત!"(પૃષ્ઠઃ૨૧૦) દ્રૌપદીને વારંવાર પુરુષની કામાંધાતાનો ભોગ બનવું પડે છે તે એક વર્ષના અજ્ઞાતવાસ દરમિયાન પણ વિરાટનગરીમાં મહારાણીના ભાઈ કીચકની વાસનાનો ભોગ બને છે. તેમ છતાં કર્ણને મોઢે તેને આ વિધાન સાંભળવું પડે છેઃ "બહુભોગ્યા નારીઓનો વિશ્વાસ નહીં." (પૃષ્ઠઃ૨૩૩)

વારંવાર થયેલ અપમાન અને દુર્વ્યવહારથી બળતી દ્રૌપદીને અંતે પ્રતિજ્ઞા કરી હોવા છતાં દુઃશાસનના રકતમાંથી અભિમન્યુના રકતની ગંધ આવે છે. પ્રતિભા રાયની દ્રૌપદી વધુ માનવીય ગુણો ધરાવે છે. મહાયુદ્ધના સંહારથી તેનું હૃદય દ્રવે છે. અંતે પુત્રોના મૃત્યુથી શોકમગ્ન તે પતિઓ સાથે હિમાલય તરફ મહાપ્રયાણ કરે છે ત્યાં સુધી તેને પ્રશ્નો ઉદ્ભવે છેઃ "હિમાલયની સુવર્ણરજ પર પગ લપસી ગયો. પાંચ પતિએ પાછળ ન જોયું. આગળ ચાલતાં રહ્યા! સ્વર્ગપથ પર આગળ વધતા ગયા : મૃત્યુના બારણે હું એકલી!" (પૃષ્ઠઃ૨૫૩) અંતે, "મારા જીવનમાં જે બની ગયું, એવું બીજી કોઈ નારીના જીવનમાં ન બનો. ક્યારેય કોઈ નારી એક સાથે એકથી વધુ પતિ ન કરે. એવું

શાસ્ત્રવચન કરી દો. પોતાને અવિભક્ત કરીને વિભક્ત થવાનું દુઃખ જાણું છું."(પૃષ્ઠઃ૨૫૫) એમ કહેનાર દ્રૌપદી યુદ્ધ, પુત્રશોક, અસમાનતા, વગેરે જેવા દુઃખ-દૂષણોથી પૃથ્વીને વંચિત રાખવા માટે અંતિમ પ્રાર્થના કરે છે.

પુત્રી, પત્ની, કૂલવધૂ અને માતા તરીકે સતત યાતના, લાંછન, સંઘર્ષો અને અપમાનનો ભોગ બનેલ દ્રૌપદીની છબી ઐતિહાસિક રીતે અતિમહત્વની છબી ધરાવે છે. 'બહુપુરુષ ભોગ્યા' કહેવાતી દ્રૌપદી પાંચ પતિ ઉપરાંત કૃષ્ણ અને કર્ણ પ્રત્યે અનુરક્ત હોવાથી કલંકીત ગણાય છે. તો બીજી બાજુ તેને 'સતી' તરીકે પૂજાય છે. આમ, બે આત્યંતિક વલણો વચ્ચે વૈચિત્ર્યપૂર્ણ જીવન જીવનારી દ્રૌપદીનું પાત્ર પુરુષસત્તાક સમાજની મર્યાદાઓને સ્પષ્ટ રીતે વાચા આપે તેવું છે.

આમ, પ્રતિભા રાય કૃત 'યાજ્ઞસેની' ની દ્રૌપદી મહાભારતની જેમ જીવનમાં ઘટતી ઘટનાઓને તો જીવે જ છે, પણ તેને પોતાનો એક Stand Point છે. જ્યાંથી તે સર્વ ઘટનાઓ અને પરિસ્થિતિઓમાં સ્ત્રી તરીકે તેનો વાંક શું? તેનો સતત ઉકેલ શોધે છે. ઉત્તર ન મળતાં મંથન કરે છે અને અસત્ય-અધર્મનો બોલીને વિરોધ પણ કરે છે. ગાયનોસેંટ્રિક અભિગમથી તપાસતાં તે આધુનિક નારીની જેમ વિદ્રોહી સાબિત થાય છે. જે પોતાના જ દુર્વ્યવહારભર્યા જીવન પાસે અટકી નથી જતી વારંવાર નવલકથાના સંવાદોમાં સ્પષ્ટ વ્યક્ત કરે છે કે એવું જીવન અન્ય કોઈ સ્ત્રીને ન જીવવું પડે તેવી ઈચ્છા તેના મૂળમાં છે. પાંચ પતિ હોવા છતાં સતત લાંછનનો ભોગ બનેલી તે અંતે એકલી છે તથી સખા શ્રીકૃષ્ણને જીવન સમર્પિત કરે છે. માયાનો પણ પગ લપસી પડતાં અંતે પરમાત્મામાં વિલીન થાય છે. આમ, માનવીકરણથી અંતે ઉદ્દાતિકરણ પામતું દ્રૌપદીનું પાત્ર આધુનિક દષ્ટિએ મહત્વનું સાબિત થાય છે.

ગાયનોસેંટ્રિક અભિગમ દ્વારા 'દ્રૌપદી'નો અભ્યાસ કરનાર ડૉ.ઊર્વશી પંડ્યા નોંધે છે કેઃ "આ કૃતિનું મૂલ્યાંકન Feminist વિચારણા સાથે એની યાતના અને એમાંથી જન્મેલા આક્રોશ સંદર્ભે કરી શકાય પરંતુ ગાઈનોસેંટ્રિક વિચારણાનાં દષ્ટિકોણથી જોતાં – અકથ્ય અસહ્ય

ગૂંગળામણથી ભારઝલ્લાં બનેલાં જીવન સામે અડગપણે ટકનાર દ્રૌપદીની સ્વખોજની મથામણો અને અન્યને (પરિવાર, સત્તા, શ્વસુર, પરિવાર) દોષિત ઠરાવી લોહીઉકાળા કરવાને બદલે (પોતાની જાતને વધારે બારીકાઈથી તાટસ્થ્યપૂર્વક સમજવાના)/ આત્મવિશ્લેષણ અને સ્વપરિક્ષણનો ઉદાત્ત પ્રયાસ જોઈ શકાશે. ફેમિનિસ્ટ વિચારણા અને ગાઈનોસેંટ્રિક વિચારણામાં તત્ત્વતઃ જે ભેદ છે તે એ જ કે ઉગ્ર વિદ્રોહને સ્થાને સમજણભરી આત્મખોજ – જે પોતાનાં દૈહિક વાસ્તવનાં સ્વીકાર સાથે જ સ્ત્રીએ કરવાની રહે."૧ તેની આ પ્રકારની આત્મખોજ પ્રશ્નો ઊભા થતાં આત્મસંવાદોમાં જોવા મળે છે. દરેક પ્રસંગે પરિસ્થિતિને સંવેદતી દ્રૌપદી ઈર્ષ્યા, દ્વેષ કે પ્રેમને તટસ્થ રીતે પૃથક્કરણ કરી અન્ય કે પોતાના વિચારોને સમજે છે, વિચાર-પ્રતિકાર કરતાં કરતાં સમજણથી મહાપ્રયાણ સુધી પહોંચી 'સ્વ' થી ઉદાત્તતા તરફ ગતિ કરતું પાત્ર છે. તેથી ડૉ. ઊર્વશી પંડ્યા નોંધે છે તેમ ગાયનોસેંટ્રિક અભિગમથી દ્રૌપદીનું પાત્ર વધુ પ્રસ્તુત બને છે.

## ૯.૩: 'યાજ્ઞસેની'-ઊડીયા નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસઃ

### ૯.૩.૧ કુંતીઃ

પાંડુ રાજાની પત્ની કુંતી દ્રૌપદીની જેમજ મહાભારતનું અને મહાભારત પ્રેરિત 'યાજ્ઞસેની' નવલકથાનું વિલક્ષણ પાત્ર છે. પાંચ પાંડવોની માતા કુંતીએ પાંચેય પાંડવો અને છઠ્ઠા પુત્ર કર્ણના જન્મની પરિસ્થિતિ વિશિષ્ટ છે. કૌમાર્ય અવસ્થામાં જિજ્ઞાસાવશ બોલાયેલા મંત્રોચ્ચારને કારણે તે સૂર્યપુત્ર કર્ણને જન્મ આપે છે. યોગ્ય વંશજો ઉત્પન્ન કરવા માટે રોગિષ્ઠ પતિની વિનંતીથી ધર્મદેવતા ઈન્દ્રદેવ, અશ્વિનીકુમાર જેવા દેવતાઓના વીર્યથી તે પાંચ પાંડવોને જન્મ આપે છે. પાંચ પાંડવો પાંડુપુત્રો તરીકે સ્વીકૃતી પામે છે પરંતુ કર્ણથી તે આજીવન દૂર રહીને પુત્રવિયોગને સહે છે.

સંતાનપ્રાપ્તિની જુદી-જુદી પરિસ્થિતિને કારણે સ્ત્રીઓને કેવી લાંછનનો ભોગ બનવું પડે છે તેનું ઉદાહરણ કુંતી પાસેથી સાંપડે છે. લગ્ન પહેલાં કૌમાર્ય અવસ્થામાં ભૂલથી કે સ્વેચ્છાએ ગર્ભધારણ થતાં સ્ત્રીના ચારિત્ર્યને તિરસ્કારનો ભોગ બનવું પડે છે. આ પરિસ્થિતિ આજના સમયે

પણ એટલીજ પ્રસ્તુત છે. લગ્ન બાદ સંતાનપ્રાપ્તિ ન થતાં પણ વંશવેલો આગળ ન વધવાના ડરથી તે સ્ત્રીને 'વંધ્યા' જેવા વિશેષણનો ભોગ બનવું પડે છે. આ બંને પરિસ્થિતિ માટે પુરુષ માટે કોઈ વિશેષણો કે લાંછન ભાગે નથી આવતાં તેના બેવડાં ધોરણો જાતિગત રીતે જોઈ શકાય છે. Physically Vulnerable – શારિરીક રીતે ભેદ્ય હોવાને કારણે સ્ત્રી જાતિને ભાગે કલંક સહેવાનો વારો આવે છે.

દ્રૌપદીના મનમાં પણ આ સ્થિતિને લઈને પ્રશ્ન ઉદ્‌ભવે છે. જે લાવ્યા હોય તે સરખા ભાગે વહેંચી લેવા માટે કુંતી વચનનું કારણ તેને આ પણ લાગે છેઃ "કદાચ પોતાની સામે મા પોતાને લજ્જિત માને, નાનપ અનુભવે, તેથી એમણે જાણી જોઈને પાંચ પતિને વરવા માટે પુત્રવધૂને આમ જબરદસ્તી કરી? સંતાન પાપ્ત કરવા માટે એમણે જુદા જુદા પુરુષોનો સંસર્ગ કર્યો. આ જાણીને કદાચ પુત્રવધૂ કટાક્ષ કરે, સાસુને હીન દૃષ્ટિથી જુએ, એટલે આ ષડયંત્ર રચ્યું?" (પૃષ્ઠઃ૪૪) બહુભોગ્યા નારીને કલંકિત થવું પડે અને પુત્રપ્રાપ્તિ માટે એવી જ એક નારીને જુદા-જુદા પુરુષસંસર્ગ માટે સ્વીકૃતી મળે તે પુરુષસત્તાક સમાજની કેવી ચલાકીભરી વ્યવસ્થા છે તેનું ઉદાહરણ કુંતી અને દ્રૌપદીની પરિસ્થિતિને સામ-સામે મૂકીને તપાસતાં જોઈ શકાય છે. આ રીતે કુંતીનું પાત્ર પુરુષસત્તા અને રાજ્યસત્તાની પોકળતાનો તાગ મેળવવામાં સહાય કરનારું પાત્ર બની રહે છે.

## ૯.૩.૨ માયાઃ

માયા એ મહાભારતમાં નથી એવું પાત્ર છે. પ્રતિભા રાયે આ નવલકથાના અંતને ઉદ્દાતિકરણની અવસ્થા સુધી લઈ જવા માટે તેમજ દ્રૌપદીની વ્યક્તિ તરીકેની સંવેદનાઓ અને મૂંઝવણોને આધાર પૂરો પાડે તેવું પાત્ર માયાનું છે. દ્રૌપદીના સખા શ્રીકૃષ્ણ માયાને સખી તરીકે દ્રૌપદી સાથે રહેવા મોકલે છે. કૃષ્ણ કહે છેઃ "જે એને હૃદયમાં સ્થાન આપે છે, એની પર એ પોતાના પ્રેમથી એટલી છવાઈ જાય છે કે એને બીજું કઈ દેખાતું જ નથી." (પૃષ્ઠઃ૫૯) આમ, આ

પાત્ર પ્રતીકાત્મક છે. પ્રતિભા રાય નિવેદનમાં નોંધે છે તેમ પરમેશ્વરની લીલારૂપ શક્તિ, આદિ શક્તિ સ્વરૂપ માયા છે. મહાપ્રયાણ સમયે સૌથી પહેલાં માયાનો પગ લાપસી પડવાથી મૃત્યુ થાય છે – તે પણ માયાના પાત્રની પ્રતીકાત્મકતા સિદ્ધ કરે છે.

દ્રૌપદીના પાંચ પતિઓ વચ્ચેની મૂંઝવણને, કૃષ્ણ તેમજ કર્ણ પ્રત્યે દ્રૌપદીના અનુરાગ વિષે પણ માયા બધું જાણે છે. ક્યારેક તે કટાક્ષ દ્વારા દ્રૌપદીની સંવેદનાઓને અભિપ્રેત કરે છે. તેથી માયા ભલી એટલીજ બૂરી કહેવાઈ છે. નવલકથામાં આ પાત્રની ઉપસ્થિતિ વ્યવસ્થાથી ગોઠવાઈ છે. જ્યારે પણ દ્રૌપદી પોતાની સંવેદનાઓ વિષે મૂંઝાઇ ત્યારે માયાની સહોપસ્થિતિ દ્વારા તેને આધાર મળ્યો છે. પ્રતિભા રાયે દ્રૌપદીની મનઃસ્થિતિનું આલેખન કરવાનો જે પ્રયત્ન કર્યો છે તેમાં આ પાત્ર સહાયક બની રહે છે.

જેના આવરણ હેઠળ માણસ કઈ બીજું જોઈ ન શકે તેવી માયાને એક સ્ત્રી પાત્ર તરીકે અહીં યોજવામાં આવી છે તે પણ વિશિષ્ટ બાબત છે. જેના આવરણને હટાવી દ્રૌપદી અંતે 'સ્વ' થી મુક્તિ પામી અલૌકિક તરફ પ્રયાણ કરતું પાત્ર બને છે. આમ, માયાનું પાત્ર વ્યાસ કે સરલા દાસના ઊડિયા 'મહાભારત'માં ન હોવા છતાં અહીં એક વિશિષ્ટ હેતુસર નિરૂપાયું છે.

## ૯.૩.૩ અન્ય ગૌણ પાત્રો :

આ ઉપરાંત દુશીલા, નિતંબીની, નીલાંજના, સત્યવતી, જટિલા, હિડિંબા, સુભદ્રા, ઉલૂપી, ચિત્રાંગદા, કર્ણ પત્ની-ઋતુવતી, સીતા, તારા, મંદોદરી, ઊર્મિલા, મત્સ્યગંધા, અંબા, અંબિકા, અંબાલિકા, ગાંધારી, આર્યા, ભાનુમતી, ગિરિ કન્યા તંદ્રાવતી, રંભા, મેનકા, ઉર્વશી, સ્વર્ણપ્રભા, ચિત્રસેના, કુંભયોનિ, વરૂથિની, મિત્રકેશી, ચિત્રલેખા, પદ્મયોની, સત્યભામા જેવા મહાભારત-રામાયણના પત્રોને કથાવસ્તુમાં સહાયક પત્રો તરીકે ઉદાહરણ માટે મૂકવામાં આવ્યા છે.

કથાવસ્તુમાં યથોચિત સ્થળે આ પત્રોનો ઉલ્લેખ આવે છે. જેનાં દ્વારા નારીના વિવિધ સ્વરૂપે કે છબીઓને વધુ સ્પષ્ટ રીતે સમજી શકાય છે.

## ૯.૪ ઉપસંહારઃ

'યાજ્ઞસેની' નવલકથા વ્યાસ રચિત 'મહાભારત' અને સરલા દાસના ઊડીયા ભાષામાં લખાયેલ 'મહાભારત'ના પ્રભાવ હેઠળ રચાયેલી કૃતિ છે. લાંબા પત્ર રૂપે પ્રથમ પુરુષ એકવચનમાં લખાયેલી આ કૃતિનો આરંભ 'ઇતિ'થી થાય છે. આ સૂચિતાર્થ સંદર્ભે ઉર્વશી પંડ્યા નોંધે છે કેઃ "ઇતિનો સૂચિત વિરોધાભાસ વ્યંજનાગત અર્થ લઈને આવે છે. એક તે એ કે કથની માંડવાની આ ક્ષણ દ્રૌપદીની યાતના, કુંઠા, અસંખ્ય અતૃપ્ત કામનાઓ, પ્રશ્નો અને અપૂર્ણ રહેવા સર્જાયેલી અપેક્ષાથી ઘેરાયેલા દુર્નિવાર જીવનની ગૂંગળામણનો અંત છે. બીજું કે જીવનનાં અંતકાળે થતી આ વાતનો આરંભ યાજ્ઞસેનીનાં જન્મની કથાથી થાય છે."૨ વિવિધ પરિસ્થિતિમાં ધર્મસત્તા, પુરુષસત્તા અને રાજ્યસત્તાના દબાણ હેઠળ દ્રૌપદીની વૈચિત્ર્યપૂર્ણ શારીરિક અને માનસિક સ્થિતિનું આલેખન કરે છે. મહાભારતના પાત્રોની ગરિમા જળવાઈ રહે અને આધુનિક નારીના વિચારો કે પ્રશ્નોથી પૌરાણિક કથાને વધુ પ્રસ્તુત કઈ રીતે બનાવી શકાય તે આ નવલકથામાં કથા અને પત્રોની સંકલના દ્વારા સાર્થક થઈ આવ્યું છે.

કૃતિમાં પાત્રોનાં સંવાદો, આંતર-એકોક્તિઓ, આત્મ-સંવાદો ખૂબ જ પ્રભાવપૂર્ણ રીતે યોજાયાં છે. નવલકથાના મુખ્ય પાત્ર દ્રૌપદી માટે યોજાયેલાં વિશેષણો કે નામો – 'બહુભોગ્યા', 'દ્રુપદનંદીની', 'પાંચાલી', 'કૃષ્ણા', 'યાજ્ઞસેની' વગેરે પરિસ્થિતિ અનુસાર આ પાત્રની વિશિષ્ટતા રજૂ કરે છે. નવલકથાનાં પ્રાકૃતિક વર્ણનો પણ સુંદર રીતે યોજાયાં છે, જે પૌરાણિક પરિવેશને સહાયકર્તા છે. આમ, નવલકથાના ઘટકતત્વોને અનુલક્ષીને તપાસતાં આ કૃતિ આધુનિક સમયની પ્રસ્તુત અને પ્રભાવશાળી કૃતિ બને છે. જેમાં પૌરાણિક કૃતિને આધારે 'ભારતીય નારી' તેમજ 'ભારતીયતા' ના વિવિધરંગી દશ્યને પામી શકાય છે. મનોવૈજ્ઞાનિક અને નારીવાદી અભિગમને

લાભદાયી બને તેવા અંશો કૃતિને સબળ બનાવે છે. અંતે સ્ત્રીઓ સાથે આવું ફરી ન બને તેવી પ્રાર્થના અને આહવાહન સમસંવેદનની અનુભૂતિ કરાવતાં ભાવકને કૃતિની વધુ નિકટ લાવે છે. 'સ્વ'થી મુક્ત થઈ, ઊર્ધ્વ તરફ પ્રયાણ કરનાર દ્રૌપદીની અંતે વિશ્વકલ્યાણ માટેની પ્રાર્થના કૃતિને ભવ્ય બનાવે છે.

## ૯.૫ સંદર્ભ:

૧. દ્રૌપદી – પ્રતિભા રાય, ડૉ. ઉર્વશી પંડ્યા; જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા (તારાશંકર બંદોપધ્યાયથી રઘુવીર ચૌધરી સુધી), સંપાદક – ભરત મહેતા: પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પાર્શ્વ સંવર્ધિત પ્રથમ આવૃત્તિ – ૨૦૧૬; પૃ.૨૨૧-૨૨૨

૨. એજન; પૃ.૨૨૨